# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1) બે રાજ્યોની ચૂંટણીના વલણોમાં ભાજપ જીત તરફ - ઉમરેઠ પેટા ચૂંટણીમાં પણ ભાજપનો વિજય.
2) ધોરણ-12 સામાન્ય પ્રવાહનું 92.71 અને વિજ્ઞાન પ્રવાહનું 84.33 ટકા પરિણામ.
3) આરોગ્ય ક્ષેત્રે પારદર્શિતા અને લોકભાગીદારી વધારવા માટે શહેરી વિસ્તારમાં જન આરોગ્ય સમિતિની રચના કરાશે.
4) રાજ્યના સૌથી મોટા હથિયાર હેરાફેરી કેસમાં જામનગરની વિશેષ ટાડા અદાલતે 12 આરોપીઓને દોષિત જાહેર કર્યા.
5) આગામી દિવસોમાં રાજ્યમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની આગાહી.

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# OVERALL ASSEMBLY POLLS

આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ અને પૂડુચેરી વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી પૂર્ણ થવાના આરે છે. અત્યાર સુધીના આંકડા મુજબ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ઐતિહાસિક વિજય તરફ આગળ વધી રહ્યું છે, આસામ અને પૂડુચેરીમાં ભાજપ જીત સાથે સરકારમાં પરત ફરવાની તૈયારીમાં છે. તમિલનાડુમાં, અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી ટીવીકે શરૂઆતથી જ જીત તરફ આગળ વધી રહી છે. કેરળમાં, કોંગ્રેસની આગેવાની હેઠળની યુડીએફ માટે સ્પષ્ટ બહુમતી તરફ આગળ વધી રહી છે.

# BJP REACTIONS

આસામ, પશ્ચિમ બંગાળ, અને પુડુચેરી વિધાનસભામાં ચૂંટણીના વલણોમાં ભાજપ જીત તરફ અગ્રેસર રહેતા ગુજરાતમાં પણ ઉજવણીનો માહોલ છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભવ્ય જીત બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા.

(BYTE : BHUPENDRA PATEL, CM)

તાપી જિલ્લાના વ્યારા ખાતે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી ઉજવણી કરવામાં આવી. મહેસાણામાં પણ કરાયેલી ઉજવણીમાં રાજ્યસભાના સાંસદ મયંક નાયક સહિત ધારાસભ્યો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. ભરૂચ જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ બંગાળના વિજયને જનતાએ ભાજપ પર મુકેલા વિશ્વાસનું પરિણામ ગણાવ્યો. છોટાઉદેપુર જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પણ વિજય ઉત્સવ ઉજવાયો. તો બીજી તરફ  નવસારીમાં વસતા બંગાળી સમાજના લોકો અને સ્થાનિક શ્રમિકોએ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના વિજયને ઝાલમુરી વહેંચીને વધાવ્યો.

# UMRETH ELECTION

રાજ્યમાં ઉમરેઠ બેઠક પર ભાજપના હર્ષદ પરમારનો વિજય થયો છે. 23 રાઉન્ડના અંતે હર્ષદ પરમાર 30 હજાર 682 મતે વિજેતા થયા છે. તેમણે તમામ મતદારો અને ભાજપના કાર્યકારોનો આભાર માન્યો હતો.

**(BYTE : HARSHAD PARMAR, WINNER CANDIDATE)**

હર્ષદ પરમારને 85 હજાર 371 મત અને કોંગ્રેસના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણને 54 હજાર 689 મત મળ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય ગોવિંદ પરમારનું અવસાન થતાં આ બેઠક ખાલી પડી હતી. વિધાનસભા પેટા-ચૂંટણીઓમાં, ભાજપે ગુજરાત ઉપરાંત, ત્રિપુરા અને નાગાલેન્ડમાં એક-એક બેઠક જીતી છે, જ્યારે કોંગ્રેસે કર્ણાટકની એક બેઠક જીતી છે.

# BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12 સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું છે. ધોરણ 12 સામાન્ય પ્રવાહનું પરિણામ આ વર્ષે 92.71 ટકા આવ્યું છે. 97.88 ટકા પરિણામ સાથે આ વર્ષે ડાંગ જિલ્લાનું સૌથી વધુ જ્યારે અમદાવાદ શહેરનું સૌથી ઓછું 87.10 ટકા પરિણામ આવ્યું છે. આ વર્ષે વિજ્ઞાન પ્રવાહનું 84.33 ટકા પરિણામ આવ્યું હોવાનું શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાએ જણાવ્યું.

**(BYTE : PRADHYUMAN VAJA, EDU. MINISTER)**

# BOARD RESULT DISTRICT

આજે રાજ્યમાં જાહેર થયેલા ધોરણ 12ના પરિણામમાં વિજ્ઞાન પ્રવાહમાં 94.85 ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો સતત ચોથી વખત સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબરે આવ્યો છે.

આ અંગે મોરબી જિલ્લા શિક્ષણ અધિકારી કમલેશ મોતાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

(BYTE – KAMLESH MOTA, DEO - MORABI)

દમણમાં સામાન્ય પ્રવાહમાં 98.32 ટકા અને વિજ્ઞાન પ્રવાહમાં 84 ટકા પરિણામ આવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહમાં 78.95 ટકા જ્યારે રાજકોટ જિલ્લામાં ધો. 12 વિજ્ઞાન પ્રવાહમાં 93.36 ટકા અને સામાન્ય પ્રવાહમાં 93.69 ટકા પરિણામ આવ્યું છે.

તો જામનગર જિલ્લામાં ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું 89.90 ટકા અને સામાન્ય પ્રવાહનું 92.99 ટકા જેટલું પરિણામ નોંધાયું છે. ભરૂચ જિલ્લામાં ધોરણ 12 સામાન્ય પ્રવાહનું 93.37 ટકા તો વિજ્ઞાન પ્રવાહનું 80.59 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે ભાવનગર જિલ્લામાં સામાન્ય પ્રવાહનું 95.90 ટકા તો વિજ્ઞાન પ્રવાહનું 92.65 ટકા પરિણામ આવ્યું છે. પંચમહાલ જિલ્લામાં સામાન્ય પ્રવાહનું 88.69 ટકા જ્યારે વિજ્ઞાન પ્રવાહનું 71.36 ટકા પરિણામ નોંધાયું છે.

# JAN AROGYA SAMITI

આરોગ્ય ક્ષેત્રે પારદર્શિતા અને લોકભાગીદારી વધારવા માટે શહેરી વિસ્તારમાં જન આરોગ્ય સમિતિની રચના કરાશે. આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું, હાલ કાર્યરત રોગી કલ્યાણ સમિતિને પણ જન આરોગ્ય સમિતિમાં પરિવર્તિત કરી તેની પુનઃ રચના કરાશે.

શ્રી પાનશેરીયા જણાવ્યું હતું કે, આ સમિતિની બેઠક દર મહિને યોજાશે અને આ બેઠકની મિનિટ ટુ મિનિટની યોગ્ય નોંધ રાખવામાં આવશે. સમિતિના બિન-સરકારી સભ્યોનો કાર્યકાળ બે વર્ષનો રહેશે. આ માળખાથી સ્થાનિક પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવશે અને 'જન આરોગ્ય સમિતિ' દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# JAMNAGAR TADA COURT

રાજ્યના ઇતિહાસના સૌથી મોટા હથિયાર હેરાફેરી કેસમાં જામનગરની વિશેષ ટાડા અદાલતે 12 આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. મુંબઈના 1993ના શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલા અને ગોસાબારા હથિયાર હેરાફેરી કેસમાં 33 વર્ષ બાદ ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

સ્પેશિયલ જજ આર.પી. મોગેરાએ 10 દોષિતોને 5 વર્ષની કેદ અને 5 હજાર રૂપિયાનો દંડ, જ્યારે અન્ય 2 દોષિતોને 7 વર્ષની સખત કેદ અને 8 હજાર રૂપિયાનો દંડ કર્યો છે. જ્યારે દાઉદ ઈબ્રાહિમ સહિત 15 આરોપીઓને ભાગેડુ જાહેર કર્યા છે.

# SURAT - VGRC

સુરત ખાતે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ અંતર્ગત યોજાયેલા પ્રદર્શનમાં પર્યાવરણની જાળવણી અને કાપડ ઉદ્યોગના સમન્વયને દર્શાવતી 'સસ્ટેનેબિલિટી હિલ' ઉભી કરાઈ છે. કાપડ અને ઉર્જા ક્ષેત્રે પર્યાવરણલક્ષી અભિગમને વેગ આપવા માટે ટેક્સટાઇલ એન્ડ એપેરલ ડેવલપમેન્ટ એસોસિએશન –TAADA દ્વારા આ વિશેષ ઇન્સ્ટોલેશન તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં 'ફાર્મ ટુ ફાઇબર, ફાઇબર ટુ ફેબ્રિક અને ફેબ્રિક ટુ ફેશન અને ફેશન ટુ ફોરેન' ની સમગ્ર સફરને સસ્ટેનેબિલિટીના માપદંડો સાથે રજૂ કરવામાં આવી છે. મુલાકાતીઓ અહીં ફાયબરમાંથી પ્રોસેસિંગ થઈને બનતા કાપડની સમગ્ર ચેઈન વિશે જાણકારી મેળવી સુરતના કાપડ ઉદ્યોગના વૈશ્વિક પ્રદાન વિશે ઊંડી સમજ મેળવી રહ્યા છે.

# KUTCH SPORTS GROUND

રાજ્યમાં પ્રથમવાર કચ્છ જિલ્લામાં રમત-ગમતના મેદાનો નીમ કરાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર એક વિશેષ ઝુંબેશથી જિલ્લાના તમામ 9 તાલુકામાં 105 રમત-ગમતના મેદાનોને સત્તાવાર દરજ્જો અપાયો છે.

કલેક્ટર આનંદ પટેલના માર્ગદર્શનમાં માત્ર એક મહિનામાં સ્થળ મુલાકાત અને જરૂરી મહેસૂલી પ્રક્રિયા પૂર્ણ કરીને આ નોંધપાત્ર કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરીથી કુલ 8 લાખ 49 હજાર 870 ચોરસ મીટર જમીન નીમ થતાં રમત-ગમત ક્ષેત્રે કચ્છના બાળકોનું ભવિષ્ય ઉજળું બનશે.

# WEATHER

રાજ્યમાં આગામી 10 તારીખ સુધી વાતાવરણ સૂકું રહેશે અને મહત્તમ તાપમાનમાં કોઈપણ પ્રકારનો મોટો બદલાવ જોવા મળશે નહીં. આગામી દિવસોમાં મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચી જવાની આગાહી છે. હવામાન વિભાગના વડા એ. કે. દાસના જણાવ્યા મુજબ ઉત્તર ગુજરાત અને દરિયાકાંઠા ક્ષેત્રમાં હીટવેવ રહેવાની શક્યતા છે.

**(BYTE – A.K DAS, IMD DIRECTOR)**